## વારંવાર પૂછાતા પ્રશ્નો

**1. જાતીય સતામણી એટલે શું?**

*જાતીય સતામણીનાં કેટલાંક ઉદાહરણો :* જાતીય સતામણીમાં શાબ્દિક રૂપે, અશાબ્દિક રૂપે અથવા શારીરિક વર્તન જેમ કે અભદ્ર ટિપ્પણીઓ, જાતીય ટીકા અથવા મજાક, પત્રો, ફોન કોલ્સ, એસએમએસ અથવા ઈ-મેલ્સ અથવા અન્ય કોઈ સંચાર માધ્યમથી, ઈશારા કરવા, અશ્લીલ સાહિત્ય બતાવવું, લોલુપ નજરથી જોવું, પીછો કરવો, બૂમો પાડવી કે અપમાનજનક ભાવ બતાવવો, કોઈ વ્યક્તિની આવડત પર દખલ કરવી કે ડરાવવું, શત્રુતાપૂર્ણ કે આક્રમક વાતાવરણ બનાવવું, જબરદસ્તી શારીરિક અડપલાં કરવાં કે છેડતી કરવી; છેડતી કરવી, પજવવું તથા ટોણાં મારવા, કોઈની ઇચ્છા વિરુદ્ધ કેદમાં રાખવું અને કોઈની ગુપ્તતામાં ખલેલ કરવો વગેરે સામેલ છે.

**2. મારી સાથે એક વાર જાતીય સતામણી કરવામાં આવી હોય તો શું હું ફરિયાદ દાખલ કરી શકું?**

હા.

**3. મને સ્પર્શ નથી કર્યો પરંતુ જાતીય સંબંધ માટે પૂછવામાં આવ્યું હતું, શું તેને જાતીય સતામણી કહી શકાય?**

જો અનુભવકર્ત્તાને માટે આ અનિચ્છનીય હોય, તો તે જાતીય સતામણી ગણાય.

**4. મેં જાતીય સંબંધની માંગણીનો ઇનકાર કર્યો. એટલે હવે મને ધમકી આપવામાં આવી રહી છે. શું આને જાતીય સતામણી કહી શકાય?**

હા. નીચેના સંજોગોમાં, અન્ય સ્થિતિ વચ્ચે, જો તેમ થાય અથવા જાતીય સતામણીની કોઈ હરકત અથવા વર્તણૂંકના સંબંધમાં અથવા તેની સાથે સંકળાયેલ હોય તો તે જાતીય સતામણીમાં સામેલ થઇ શકે છે :

1) અધિક આદરાત્મક વર્તનનું ગર્ભિત અથવા સ્પષ્ટ વચન
2) ગર્ભિત અથવા સ્પષ્ટ ધમકી અથવા હાનિકારક વર્તન
3) વર્તમાન અથવા ભાવિ રોજગાર સ્થિતિ અથવા પ્રોજેક્ટ્સ / એસાઇનમેન્ટ્સ / પરીક્ષા પરિણામ વિશે ગર્ભિત અથવા સ્પષ્ટ ધમકી
4) કાર્ય / પ્રોજેક્ટ્સ / એસાઇનમેન્ટ્સ કામમાં વિક્ષેપ પાડવો અથવા ધમકાવીને અથવા અપમાનકારક અથવા પ્રતિકૂળ કાર્યસ્થળ વાતાવરણ ઊભું કરવું
5) અપમાનજનક વર્તન જેનાથી સ્વાસ્થ્ય અથવા સલામતી પર અસર થવાની શક્યતા રહે.

**5. મારી સાથે સીધી જ જાતીય સતામણી કરવામાં આવતી નથી, પણ મને સતત અશ્લીલ સાહિત્ય મોકલવામાં આવે છે અને જ્યારે હું કૉલેજમાં દાખલ થાઉં છું, ત્યારે આવું મોકલનારની મિત્રટોળી દ્વારા મારી હાંસી ઉડાવવામાં આવે છે. શું આને જાતીય સતામણી કહી શકાય?**

હા. પ્રતિકૂળ કાર્યસ્થળ વાતાવરણ બનાવીને જાતીય સતામણી કરવામાં આવે તેનું આ ઉદાહરણ છે.

**6. મારી સાથે જાતીય સતામણી કરવામાં આવેલ, તો હું કોની પાસે ફરિયાદ દાખલ કરી શકું?**

આઇઆઇએમએની સીએમજીઆઈનાં કોઈ પણ સદસ્ય સમક્ષ સીધી ફરિયાદ દાખલ કરી શકાય. સીએમજીઆઇના સભ્યોની વિગતો આઇઆઇએમએ ની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

**7. શું પુરુષો પણ જાતીય સતામણીની ફરિયાદ દાખલ કરી શકે છે?**

હા, લિંગભેદ વિના કોઈપણ વ્યક્તિ ફરિયાદ કરી શકે છે.

**8. સીએમજીઆઈ એટલે શું?**

આઈઆઈએમએએ અધિનિયમને અનુરૂપ લૈંગિક મુદ્દા પ્રબંધન સમિતિ ("**સીએમજીઆઇ**") નામની એક આંતરિક સમિતિની રચના કરી છે. જો કે, **સીએમજીઆઈ**ને ફક્ત જાતીય સતામણીની ફરિયાદો જ સંભાળવા માટે તૈયાર કરાઈ છે એવું નથી, પરંતુ લૈંગિક મુદ્દાઓ અંગે જાગરૂકતા, સલાહ અને શિક્ષણ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

**9. શું આ સમિતિના સદસ્યો કાયમી છે?**

કાયદા મુજબ દરેક સદસ્યનો કાર્યકાળ 3 વર્ષ છે. પરંતુ સમિતિના એક સદસ્ય તરીકે ટકી રહેવા માટે, અથવા સમિતિના સદસ્ય તરીકે નિમણૂંક, ચૂંટાવા, નામાંકન પામવા અથવા નિયુક્ત થવા માટે એક વ્યક્તિને ત્યારે અયોગ્ય જાહેર કરવામાં આવશે જ્યારે આવા સભ્ય નીચે મુજબ વર્તણૂંક કરશે :

1) આઈઆઈએમએની નીતિની કોઈપણ જોગવાઈ અથવા આઈઆઈએમએના મહત્ત્વ / માર્ગ દર્શિકાનું ઉલ્લંઘન કરે છે; અથવા
2) કોઈ પણ કાયદા હેઠળ ગુના માટે દોષી ઠરાવવામાં આવ્યા હોય અથવા આ વ્યક્તિ વિરુદ્ધ કોઈ ગુના માટે તપાસ બાકી હોય; અથવા
3) કોઈ શિસ્ત કાર્યવાહીમાં દોષિત ઠરાવવામાં આવ્યા હોય અથવા આ વ્યક્તિ વિરુદ્ધ શિસ્ત કાર્યવાહીની તપાસ બાકી હોય; અથવા
4) કાર્યાલયમાં પોતાની સ્થિતિનો દુરુપયોગ કરીને કાર્યાલયમાં પોતાનું પદ જાળવી રાખવા જાહેર હિતથી પ્રતિકૂળ બનવા પ્રયત્ન કર્યો હોય.

રોજગાર, રાજીનામું, મૃત્યુ, વિકલાંગતા અથવા હકાલપટ્ટી, જે પણ લાગુ પડે ત્યારે, તેના કારણે સમિતિમાં ખાલી પડેલ સભ્ય-પદને ભરવા માટે નવું નામાંકન કરવામાં આવશે.

**10. ફરિયાદ નોંધાવતાં પહેલાં મારે કોઈની પાસેથી પરવાનગી લેવી પડશે?**

ના.

**11. ફરિયાદ ક્યાં સુધીમાં દાખલ કરી લેવી આવશ્યક છે?**

બનાવની તારીખથી 3(ત્રણ) મહિનાના સમયગાળામાં અને બનાવની શ્રેણીના કિસ્સામાં, છેલ્લા બનાવની તારીખથી 3(ત્રણ) મહિનાની અંદર ફરિયાદ કરવી જોઈએ.

**12. જો હું 3 મહિનાની અંદર ફરિયાદ નોંધાવી ના શકું તો શું થશે?**

જો સમિતિને એ બાબતથી સંતોષ થાય કે સંજોગો એવા હતા કે જેનાથી ફરિયાદીને પ્રથમ 3(ત્રણ) મહિનાના સમયગાળામાં ફરિયાદ કરવાથી રોકવામાં આવેલ, તો સમિતિ ફરિયાદ મેળવવા માટેની સમયમર્યાદા બીજા 3(ત્રણ) મહિના સુધી લંબાવી શકશે. સમિતિ 3(ત્રણ) મહિનાના લંબાવેલા સમયગાળાનાં કારણો લેખિતમાં રેકોર્ડ કરશે. એટલે આમ, તમારે મહત્તમ 6 મહિનાની અંદર ફરિયાદ દાખલ કરવી પડે. ફરિયાદ દાખલ કરવામાં પોતાના દ્વારા કરવામાં આવેલ દેખીતા વિલંબને, ફરિયાદની સચ્ચાઈ નક્કી કરવા કે રજૂ કરેલ પુરાવાને માન્ય કરવામાં કોઈ સંબંધિત પરિબળ માનવામાં નહીં આવે.

**13. ફરિયાદ દાખલ કરવાની કોને જરૂર પડે?**

જે વ્યક્તિની જાતીય સતામણી (પીડિત) થઈ છે / અનુભવ કર્યો છે / સતામણીનો સામનો કરવો પડ્યો છે તેને ફરિયાદ દાખલ કરવાની જરૂર પડે.

**14. શું પીડિત વતીથી કોઈ અન્ય વ્યકિત ફરિયાદ દાખલ કરી શકે છે?**

હા. જો પીડિત શારીરિક અક્ષમતાના આધારે ફરિયાદ કરવામાં અસમર્થ હોય, તો નીચેની વ્યક્તિઓ દ્વારા ફરિયાદ દાખલ કરી શકાય છે (ફરિયાદીની લેખિત સંમતિ પ્રમાણે) :

- સંબંધી અથવા મિત્ર; અથવા
- તેના સહકર્મી; અથવા
- રાષ્ટ્રીય મહિલા પંચ કે રાજ્ય મહિલા પંચના અધિકારી
- એવી કોઈ પણ વ્યક્તિ જેને ઘટનાની જાણ હોય.

જો પીડિત માનસિક અક્ષમતાના આધારે ફરિયાદ કરવામાં અસમર્થ હોય, તો નીચે મુબજનાં વ્યક્તિઓ દ્વારા ફરિયાદ દાખલ કરી શકાય છે :

- સંબંધી અથવા મિત્ર; અથવા

- એક ખાસ શિક્ષક; અથવા
- એક લાયક મનોચિકિત્સક અથવા મનોવિજ્ઞાની; અથવા
- વાલી અથવા એ સત્તાવાહી વ્યક્તિ જેની સંભાળ હેઠળ તે સારવાર અથવા સંભાળ મેળવી રહ્યા હોય; અથવા
- કોઈપણ એવા વ્યક્તિ જેને બનાવ વિશે જાણકારી હોય, જે સગાં અથવા મિત્ર હોય અથવા એક ખાસ શિક્ષક અથવા લાયક મનોચિકિત્સક કે મનોવિજ્ઞાની, કે વાલી અથવા એવી સત્તાવાહી વ્યક્તિ જેની સંભાળ હેઠળ / તે સારવાર અથવા સુશ્રુષા મેળવી રહ્યા છે.

જો કોઈ અન્ય કારણોથી પીડિત વ્યક્તિ ફરિયાદ કરી શકતા નથી, તો તેની ફરિયાદ તેમની લેખિત સંમતિ સાથે કોઈપણ એવી વ્યકિત દ્વારા નોંધાવવામાં આવે જે બનાવ વિશેની જાણકારી ધરાવતા હોય.

**15. ફરિયાદ કેવી રીતે દાખલ કરાય?**

તમે સમિતિના કોઈ પણ સભ્ય સમક્ષ ફરિયાદ દાખલ કરી શકો છો. ફરિયાદ રૂબરૂ જઈને કોઈપણ સભ્ય પાસે અથવા ઇલેક્ટ્રોનિક રીતે ઈમેઇલ (chr-cmgi@iima.ac.in) દ્વારા મોકલી શકાય છે. તમે સહાયક દસ્તાવેજો (જો કોઈ હોય તો) અને સંબંધિત કથિત ઘટના(ઓ)ને લગતી સંગત વિગતો સહિત, તમારું નામ અને વિગતો, જેની વિરુદ્ધ ("**પ્રતિવાદી**") ફરિયાદ દાખલ કરવાની છે તેનું નામ અને વિગતો સાથે ફરિયાદ નોંધાવી શકો છો.

**16. શું ફરિયાદ મૌખિક રીતે દાખલ કરી શકાય?**

ના.

**17. શું હું અનામી રીતે ફરિયાદ દાખલ કરી શકું?**

ના, આવી ભલામણ કરવામાં નથી આવતી. એક લેખિત ફરિયાદની જરૂર રહેશે અને લેખિત ફરિયાદથી તમને ઘણી રીતે મદદ રહેશે. પહેલું તો એ કે, તેનો એક રેકોર્ડ જળવાય છે, તેથી તમારી ફરિયાદને અવગણી શકાય નહીં. બીજું કે, તમે અને સમિતિના સભ્યો, ઘણી વખત જાણ કરવાને બદલે, એક જ વારમાં ઘટના વિશે જાણવામાં સક્ષમ રહેશે.

જો તમે ફરિયાદ લખવામાં અક્ષમ હો, તો સમિતિ તમને લેખિત કરાવવામાં સહાય કરશે. કોઈપણ મદદ માટે, તમે ઓનલાઇન રાખવામાં આવેલ ફોન નંબર અને / અથવા ઇમેઇલ આઈડી પર કોઈ પણ સમિતિ સભ્યનો સંપર્ક કરી શકો છો.

**18. કૉલેજ ક્લાસ પૂરા થયા પછી મારી સાથે જાતીય સતામણી કરવામાં આવી રહી છે, હું ફરિયાદ દાખલ કરી શકું?**

હા. જો કોલેજ પૂરી થયા પછી આઇઆઇએમએના સંકુલમાં સંકળાયેલા કોઈના દ્વારા કોઈ વ્યક્તિની જાતીય સતામણી થાય તો પણ તે આઇઆઇએમએના અધિકારીઓ સમક્ષ ફરિયાદ દાખલ કરી શકે છે. નીચેનામાંથી કોઈપણ ઘટના તેમની સાથે બને તો ત્યારે પણ આ લાગુ પડે છે :

1) બધાં કાર્યાલયો, કેમ્પસમાં (વિદ્યાર્થી આવાસ, રહેઠાણો, વર્ગખંડો, રમતના મેદાન, કેન્ટિન, પુસ્તકાલય, સભાગાર, વિદ્યાર્થી પ્રવૃત્તિ કેન્દ્ર અને કેમ્પસ પર અન્ય જાહેર સ્થળો સહિત) અથવા અન્ય કોઇ પરિસરમાં જ્યાં આઇઆઇએમની નિસબત હોય ત્યાંનો બનાવ.
2) આઇઆઇએમને લાગતી-વળગતી એ બધી જ પ્રવૃત્તિઓ કે જે આઈઆઈએમએના પરિસરથી દૂર અન્ય કોઈપણ સ્થળે આયોજિત થાય ત્યાંના બનાવ.
3) કોઈપણ સામાજિક, વ્યવસાય અથવા અન્ય સમારોહ / મેળાવડા / પાર્ટીઓ / પિકનિક વગેરે જ્યાં આવી વર્તણૂંક અથવા ટિપ્પણીઓ કોઈ અભ્યાસકર્ત્તા, રહેવાસી અને / અથવા આઇઆઇએમએમાં કાર્યરત વ્યક્તિ પર પ્રતિકૂળ અસર કરે તે.
4) કાર્યાલય / કામકાજના કલાકો દરમિયાન અથવા તે ઉપરાંતના સમયે જાતીય સતામણીનું કથિત કૃત્ય.
5) કર્મચારી / વિદ્યાર્થી દ્વારા ઓફિસની બહાર / કામકાજના કલાકો દરમિયાન કોઈ પણ સામાજિક નેટવર્કિંગ વેબસાઇટ પર જાતીય સતામણી.
6) બહારથી મુલાકાતે આવેલ કર્મચારી/છાત્ર અથવા આઇઆઇએમએમાં કાર્યરત/નિયુક્તિ દરમિયાન કોઈ પણ પ્રવાસ દરમિયાન જ્યારે આઇઆઇએમએ દ્વારા પૂરી પાડવામાં આવતા પરિવહન સહિત થયેલ સતામણી.

**19. હું કૉલેજથી દૂર એક બેઠક માટે પ્રોફેસર સાથે ગઈ અને તેમણે આ દરમિયાન મારી સતામણી કરી. શું હું ફરિયાદ નોંધાવી શકું?**

હા.

**20. મેં જાતીય સતામણીનો બનાવ નજરે જોયો છે, તો શું હું ફરિયાદ દાખલ કરી શકું?**

હા. પરંતુ જે વ્યક્તિ જાતીય સતામણીનો ભોગ બની છે/સામનો કર્યો છે તેની લેખિત સંમતિ સાથે જ ફરિયાદ કરી શકાય.

**21. મારી સાથે વિદ્યાર્થી / પ્રોફેસર / અન્ય કર્મચારીએ કોલેજ / આઈઆઈએમએ કેમ્પસમાં જાતીય સતામણી કરેલ, તો શું હું સમિતિમાં ફરિયાદ દાખલ કરી શકું?**

હા.

**22. મારી સાથે એક અજાણી વ્યક્તિ દ્વારા કૉલેજ / આઈઆઈએમએ કેમ્પસ પર જાતીય સતામણી કરવામાં આવી હતી, તો શું હું સમિતિમાં ફરિયાદ દાખલ કરી શકું?**

ના. યોગ્ય નિવારણ માટે તમારે પોલીસ ફરિયાદ દાખલ કરવી જોઈએ. આઇઆઇએમએ તમને તેમ કરવામાં મદદ કરી શકે છે. કૃપા કરીને તેના વિશે સીએમજીઆઈને જાણ કરો.

**23. મારી સાથે બસ / ટ્રેનમાં એક અજાણી વ્યક્તિ દ્વારા જાતીય સતામણી કરવામાં આવી હતી, શું હું આઇઆઇએમએમાં સમિતિ સમક્ષ ફરિયાદ દાખલ કરી શકું?**

ના. યોગ્ય નિવારણ માટે તમારે પોલીસ ફરિયાદ કરવી જોઈએ. આઇઆઇએમએ તમને તેમ કરવામાં મદદ કરી શકે છે. તેથી કૃપા કરીને અમને જણાવો.

**24. જો મારે કૉલેજ / આઈઆઈએમએના સંચાલકોમાંથી કોઈ વ્યક્તિ સામે ફરિયાદ કરવી હોય તો શું કરવું જોઈએ?**

તમે અમારો સંપર્ક કરી શકો છો અને આઇઆઇએમએની સમિતિ સમક્ષ ફરિયાદ પણ દાખલ કરી શકો છો. જો કે, ફરિયાદની તપાસ સ્થાનિક સમિતિ દ્વારા જ કરવામાં આવશે કારણ કે ફરિયાદ સંચાલનમાં સામેલ કોઈ વ્યક્તિ વિરુદ્ધ છે. વૈકલ્પિક રીતે, તમે સ્થાનિક સમિતિ પાસે ફરિયાદ દાખલ કરી શકો છો.

**25. સ્થાનિક સમિતિ શું છે?**

સ્થાનિક સમિતિ (એલ.સી.) દેશના દરેક જિલ્લામાં સ્થપાયેલ એક સમિતિ છે, જે નોકરીદાતાઓ વિરુદ્ધની ફરિયાદો લે છે, સ્થાનિક કામદારો દ્વારા કરવામાં આવેલ ફરિયાદો લે છે અને જે નોકરીદાતા પાસે 10થી ઓછા કર્મચારી હોવાના કારણે આંતરિક સમિતિ નથી બનાવી શકતા તેમનાં કર્મચારીઓની ફરિયાદો લે છે. આમ, સ્થાનિક સમિતિ આઈસી (આંતરિક સમિતિ)ની જેમ કાર્યો કરે છે.

**26. લેખિત ફરિયાદ કર્યા પછી મને ધમકી આપવામાં આવે તો શું કરવું જોઈએ?**

જો તમને કોઈ સમસ્યા હોય, તો તરત જ કોઇ સમિતિના સભ્યને મળો. તમારી સુરક્ષા માટે તાત્કાલિક પગલાં લેવામાં આવશે. આઇઆઇએમ ફરિયાદી અને સાક્ષીઓ વિરુદ્ધ બદલાની

ભાવનાને ચલાવી લેશે નહીં અને બદલાની ભાવનાવાળા વ્યક્તિ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

**27. જો મારી વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હોય તો શું મને ફરિયાદની એક નકલ મળી શકે?**

હા. સમિતિ દ્વારા ફરિયાદ મળ્યાના 7 કામકાજના દિવસની અંદર સમગ્ર ફરિયાદની એક નકલ પ્રતિવાદીને આપવામાં આવશે.

**28. શું મારી વિરુદ્ધ કરવામાં આવેલ ફરિયાદનો જવાબ આપવાનો મને અધિકાર છે?**

હા. એકવાર તમને ફરિયાદની નકલ મળી જાય, પછી તમારે 10 કામકાજના દિવસોમાં લેખિતમાં જવાબ આપવો પડશે. આ જવાબ દસ્તાવેજોની યાદી સાથે, અને સાક્ષીઓના નામો અને સરનામા (જો કોઈ હોય તો) સહિત મોકલી શકાય.

**29. મારા વિરુદ્ધ ફરિયાદનો જવાબ મારે કેટલા દિવસમાં આપવાનો હોય છે?**

10 કામકાજના દિવસમાં.

**30. મારા માટે સમાધાન કરવું ફરજિયાત છે?**

ના.

**31. સમાધાન એટલે શું?**

પૂછપરછ શરૂ કરતાં પહેલાં, સીએમજીઆઇ ફરિયાદીની લેખિત વિનંતીના આધારે, ફરિયાદકર્તા અને પ્રતિવાદી વચ્ચે સમાધાનથી બનાવ બાબતે ઉકેલ લાવી શકે છે.

**32. શું હું તપાસ પછી સમાધાન કરી શકું?**

ના.

**33. ફરિયાદની તપાસ કરવા માટે કેટલો સમય લાગે છે?**

સીએમજીઆઇ / આઈસીને પ્રતિવાદી પાસેથી જવાબ મેળવવાના દિવસથી લઈને 90 દિવસની અંદર તપાસ પૂરી કરવાની હોય છે.

**34. તપાસ કાર્યવાહી માટે શું હું મારા વકીલને સાથે લઈને આવી શકું?**

ના.

**35. સમિતિએ મને બોલાવ્યો છે / સમિતિએ મને દસ્તાવેજો માટે પૂછ્યું છે, મારે હવે શું કરવું જોઈએ?**

સમિતિને લાગે કે ન્યાયના હિતમાં રહેશે તો કોઈ પણ વ્યક્તિને સાક્ષી તરીકે હાજર થવા માટે બોલાવી શકે છે. સમિતિ પાસે કોઈપણ વ્યક્તિને હાજર થવા બોલાવવા અને અમલ કરવાની સત્તા છે. કોઈપણ કર્મચારી દ્વારા / વિદ્યાર્થી દ્વારા સમિતિ સમક્ષ કોઇ સુનાવણીમાં હાજર રહેવાનો ઇનકાર કરવા અથવા સમિતિ અધિકાર ક્ષેત્રમાં માંગવામાં આવેલ દસ્તાવેજો અને / અથવા માહિતી આપવા માટે ઇનકાર કરવા બદલ આને ગેરવર્તણૂક માનવામાં આવશે, અને સમિતિને આવા કર્મચારી / વિદ્યાર્થી વિરુદ્ધ પ્રતિકૂળ પગલાં લેવા માટે બાધ્ય કરશે.

**36. હું તપાસમાં સુનાવણી માટે જવાનું બંધ કરું તો શું થાય ?**

જો તમે (તમે ફરિયાદકર્તા અથવા પ્રતિવાદી જે પણ હો તે) પૂરતાં કારણો બતાવ્યા વિના અધ્યક્ષ દ્વારા સમન્વિત સુનાવણીમાં સતત 3(ત્રણ) વાર હાજર રહેવામાં નિષ્ફળ જાઓ, તો સમિતિને તપાસ કાર્યવાહીને સમાપ્ત કરવાનો અથવા ફરિયાદ અંગે એકતરફી નિર્ણય આપવાનો અધિકાર રહેશે. આ નિર્ણય લેવાના 15(પંદર) દિવસ અગાઉ નોટિસ તમને મોકલવામાં આવશે.

**37. શું ફરિયાદને ગુપ્ત રાખવામાં આવશે?**

હા. તમામ વિગતો પૂર્ણ ગોપનીય રહેશે. બધા વિદ્યાર્થીઓ / કર્મચારીઓ જે સાક્ષી તરીકે સામેલ છે અને સમિતિની કાર્યવાહીનો ભાગ છે, તેઓને ગોપનીયતા કરાર / પત્ર / વ્યવસ્થા પર હસ્તાક્ષર કરવાની જરૂર પડશે. જો કોઈ વ્યક્તિ (સાક્ષીઓ સહિત) ગોપનીયતાનો ભંગ કરે છે તો આઇઆઇએમએ આવા વ્યક્તિ પાસેથી પાંચ હજાર રૂપિયા દંડ વસૂલ કરશે.

**38. જો હું ફરિયાદ દાખલ કરું તો શું મને કોલેજમાંથી રજા લેવાનું કહેવામાં આવશે?**

નહીં. તે ફક્ત ત્યારે જ થશે જ્યારે તમે પૂછપરછના સમયગાળા દરમિયાન કોઇપણ રજા માટેની લેખિત અરજી પ્રસ્તુત કરશો.

**39. જે પ્રોફેસરની વિરુદ્ધ મેં જાતીય સતામણીની ફરિયાદ નોંધાવી હોય તેમના વ્યાખ્યાનમાં હું હાજરી આપવા માંગતી ના હોઉં તો મારે શું કરવું જોઈએ?**

તમે લેખિતમાં આવી રાહત માટે સમિતિને વિનંતી કરી શકો છો.

**40. મારી ફરિયાદની તપાસ બાકી હોય તે સમય દરમિયાન મારે કઈ રાહત માંગવી જોઈએ?**

જો તમે ફરિયાદકર્ત્તા હોવ તો તમે સમિતિને લેખિત વિનંતી કરી શકો છો કે જે તમને સુનાવણી દરમિયાન રાહત આપે. સમિતિ આઇઆઇએમએને નીચે મુજબની ભલામણો કરી શકે છે :

1) તમને અથવા પ્રતિવાદીને અન્ય કોઈ સ્થળે બદલી કરી આપે (જો શક્ય હોય તો)
2) તમને 3(ત્રણ) મહિનાના સમયગાળાની રજા આપે (આ રજાઓ તમારી હકદારીની રજાઓ ઉપરાંતની વધારાની હોઈ શકે છે)
3) આઇઆઇએમએ જે યોગ્ય લાગે તેવી કોઈપણ અન્ય રાહત આપે.
4) તમારા કામની કામગીરી પર પ્રતિવાદી દ્વારા રિપોર્ટ આપવા અથવા તમારા ગોપનીય રિપોર્ટ લખવા પર નિયંત્રણ લાદવું અને અન્ય કોઈ વડા / અધિકારીને આની સોંપણી આપવી.
5) પ્રતિવાદીને તમારી શૈક્ષણિક પ્રવૃત્તિની દેખરેખ રાખવાથી પ્રતિબંધિત કરવા (જો પ્રતિવાદી પોતે પ્રોફેસર હોય તો) અને અન્ય અધિકારીને આ કામ સોંપવું.

સમિતિની ભલામણ મળ્યા પછી, આઇઆઇએમએ આ ભલામણો અમલમાં મૂકશે.

**41. મારી વિરુદ્ધની ફરિયાદની તપાસ બાકી હોય તે સમય દરમિયાન હું કઈ રાહત માંગી શકું?**

જે વ્યક્તિની વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે તે વ્યક્તિ માટે કોઈ ઉપાય ઉપલબ્ધ નથી. ઉપાય ફક્ત ફરિયાદી માટે જ ઉપલબ્ધ છે.

**42. જાતીય સતામણી વિશે વાત કરતા અન્ય કોઇ કાયદાઓ છે?**

હા. ભારતીય દંડ સંહિતા, 1908 જણાવે છે કે જાતીય સતામણી એક ફોજદારી ગુનો છે અને આરોપી માટે જેલની સજાની જોગવાઈ છે.

**43. શું આ સંબંધિત કોઈ અન્ય અપરાધ છે?**

હા. પીછો કરવો અને છુપા-છુપા જોયે રાખવું પણ આને સંબંધિત ગુનાઓ છે જે જાતીય સતામણીની સાથે-સાથે અથવા જાતીય સતામણીના બનાવ પહેલાં અથવા પછીથી થઈ શકે છે. આ પણ ભારતીય દંડ સંહિતા, 1908 હેઠળ ફોજદારી ગુનાઓ છે અને આરોપીઓ માટે જેલની સજાની જોગવાઈ કરે છે.

**44. શું હું પોલીસ અને આઇઆઈએમએ બન્ને સમક્ષ ફરિયાદ દાખલ કરી શકું?**

હા, કરી શકો છો.

**45. શું મને તપાસ અહેવાલની નકલ મળી શકે?**

હા (ફરિયાદી અને પ્રતિવાદી બંનેને તપાસ અહેવાલની નકલ આપવામાં આવે છે).

**46. સમિતિ દ્વારા પ્રસ્તુત તપાસ અહેવાલ પર કૉલેજ / આઈઆઈએમએએ કેટલા દિવસોમાં પગલાં લેવાનાં હોય છે?**

60 દિવસમાં.

**47. જો સંચાલકો મારી ફરિયાદ પર કોઈ કાર્યવાહી હાથમાં ન લે તો શું કરવું?**

તમે આઈસી (આંતરિક સમિતિ) અથવા સંચાલકોને મળી શકો છો અથવા કાયદા પ્રમાણે કોર્ટ / ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ કરી શકો છો.

**48. જો હું તપાસ અહેવાલમાં સીએમજીઆઇના નિષ્કર્ષથી ખુશ ન હોઉ તો મારે શું કરવું જોઈએ?**

કાયદા પ્રમાણે તમે કોર્ટ / ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ ફાઇલ કરી શકો છો.

**49. અપીલ ફાઇલ કરવા માટે કેટલા દિવસોનો સમય મને મળે છે?**

90 દિવસનો.

**50. કાયદા હેઠળ શું રોજગારદાતા માટે કોઈ ચોક્કસ ફરજો છે ખરી?**

હા. કાયદો રોજગારદાતા માટે ઘણી ફરજોની જોગવાઈ કરે છે. તેમાંની કેટલીક નીચે પ્રમાણે છે :

- કાર્યસ્થળે એક સલામત કાર્યવાતાવરણ પૂરું પાડવું જેમાં કાર્યસ્થળે સંપર્કમાં આવતા લોકોની સલામતીનો સમાવેશ થાય છે.
- કાર્યસ્થળમાં કોઈ પણ ચોક્કસ સ્થાન પર જાતીય સતામણીના દંડનીય પરિણામ અને સીએમજીઆઈ / આંતરિક સમિતિ ("**આઈસી**") ની રચના કરવાના હુકમને પ્રદર્શિત કરે.
- જાતીય સતામણીના નિષેધ, નિવારણ અને નિરાકરણ માટેની આંતરિક નીતિ તૈયાર કરવી અને વ્યાપકપણે પ્રચારિત કરવી.
- આઈસીનાં તમામ સભ્યોની વિગતો અને સંપર્કની વિગતો જાહેર કરવી.
- કર્મચારીઓને સંવેદનશીલ બનાવવા માટે નિયમિત અંતરાલ પર કાર્યશાળાઓ અને જાગરૂકતા કાર્યક્રમોનું આયોજન કરવું.
- આઈસી સભ્યો માટે અભિગમ કાર્યક્રમો ગોઠવવા.
- આઈસી સભ્યો માટે ક્ષમતા નિર્માણ અને કૌશલ્ય નિર્માણ કાર્યક્રમોનું સંચાલન કરવું.
- કર્મચારી જાગરૂકતા કાર્યક્રમો ચલાવવા અને સંવાદ માટે ફોરમ બનાવવું.

**51. જો કાયદા હેઠળ સૂચિત ફરજોનું કોઈ પાલન ન કરે તો શું થાય?**

જો કોઈ સીએમજીઆઇ / આઈસીની રચના ના કરે અથવા અધિનિયમ હેઠળ બાકી રહેલી તમામ ફરજોને પૂર્ણ ના કરે તો તેમના પર કાયદા હેઠળ દંડ લગાવી શકાય છે જે રૂ. 50,000/- સુધીનો હોઈ શકે છે. આ ફરજોને વારંવાર પરિપૂર્ણ નહીં કરવાના કિસ્સામાં, દંડ બમણો થઈ શકે અને જ્યાં કોઈને વ્યવસાય કરવાનું લાયસંસ મળવાની શક્યતા હોય ત્યાં આવા લાયસંસ રદ્દ અથવા તેની નોંધણી અથવા નવીનીકરણ માટેની અરજી પાછી મોકલવામાં આવશે અથવા રદ્દ કરી શકાય છે.

**52. કાર્યસ્થળે જાતીય સતામણી અટકાવવા માટે રોજગારદાતા શું પગલાં ઉઠાવી શકે છે?**

રોજગારદાતા નીચે મુજબનાં પગલાં લઈ શકે છે :

- આઈસી સભ્યો માટે નિયમિત તાલીમ કાર્યક્રમો ગોઠવવા જેથી તેઓ કાયદા અને પ્રક્રિયા પરની માહિતી સાથે સંપૂર્ણ રીતે અદ્યતન રહી શકે.
- સમય-સમયે કર્મચારીઓ માટે જાગરૂકતા કાર્યક્રમો ગોઠવવા જેથી તેમના અધિકારો અને ફરજોથી માહિતગાર રાખી શકાય અને જાતીય સતામણી એટલે શું તેની જાણકારી રહે.
- સંચાલકો માટે સત્રો ગોઠવવા જેથી તેઓ કાયદાનું પાલન અસરકારક રીતે કરી શકે અને જાતીય સતામણીના બનાવોને અટકાવી શકે અને કામનું વાતાવરણ દુરસ્ત બનાવી શકે.
- નવાંગતુક કર્મચારીઓ / વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામ રાખીને તેમને સંસ્થાની ભાવનાઓ અને નીતિઓ વિશે જાણકારી આપવી જોઈએ.
- કાર્યસ્થળે સમાનતાની ભાવના ઊભી કરવા માટે લૈંગિક સંવેદનકરણ કાર્યક્રમોનું આયોજન કરવું. આ એક દૂરદર્શી પગલું હોય છે જે દર્શાવે છે કે રોજગારદાતા એક સમાન તક પ્રદાતા છે અને તે દીર્ઘકાલીન હોઈ શકે છે.
- એવી ખાતરી કરવી કે આઈસી નિયમિત ધોરણે મુદ્દાઓ પર ચર્ચા કરવા અને પોતાને અપડેટ રાખવા માટે મળે છે.
- તેઓએ આઇસીને જરૂરી બધી સુવિધાઓ પૂરી પાડવી.

**53. શું કૉલેજ / રોજગારદાતા / આઇઆઇએમએ સંબંધિત પક્ષો સિવાય કોઈની સાથે ફરિયાદની વિગતો શેર કરી શકે છે?**

ના. કૉલેજ / રોજગારદાતા / આઇઆઇએમએ કોઈ પણ જાહેર મંચ પર અથવા કોઈ પણ અન્ય વ્યકિત સાથે જાતીય સતામણી અથવા તેને સંબંધિત વ્યક્તિઓની ઓળખની કોઈ પણ કિસ્સાની વિગતો કોઈને અથવા જે કોઈ આ બાબતમાં સામેલ નથી તેઓને જણાવી અથવા

બતાવી શકતા નથી. કાયદામાં એવી જોગવાઈ છે કે જાતીય સતામણીના મુદ્દાથી સંબંધિત કોઈ પણ માહિતી પ્રકાશિત, સંપ્રેષિત કે પ્રેસ અથવા મીડિયામાં કોઈપણ રીતે જાહેર કરવામાં આવશે નહીં.

**54. જે રોજગારદાતા પાસે 10 કર્મચારી હોય, પરંતુ તેમાં કોઈ પણ મહિલા કર્મી ના હોય, તો શું તેવા નિયોક્તાને પણ સીએમજીઆઇ / આઇસીની જરૂર રહે ખરી?**

હા.

**55. એક બાહ્ય સભ્ય કોણ હોઈ શકે?**

એનજીઓ અથવા એસોસિએશનો પૈકી કોઈપણ મહિલા સદસ્ય જે લોકકલ્યાણનાં કાર્યો અથવા જાતીય સતામણીના મુદ્દાઓથી પરિચિત હોય અથવા એમના માટે કામ કરવા પ્રતિબદ્ધ હોય.

**56. શું બાહ્ય સભ્ય હોવું ફરજિયાત છે?**

હા. એક તૃતીય પક્ષના સ્વતંત્ર સભ્ય રાખવા જરૂરી છે.

**57. શું સીએમજીઆઇ સભ્યો માટે કોઈ કાર્યકાળ નક્કી હોય છે?**

હા, તમામ આઈસી સભ્યોનો ત્રણ વર્ષ સુધીનો કાર્યકાળ હોય છે.

**58. સીએમજીઆઇ / આઈસી સદસ્યને આ કાર્યકાળ પૂરો થાય તે પહેલાં દૂર કરી શકાય?**

હા, કાયદા મુજબ કેટલીક ચોક્કસ પરિસ્થિતિઓમાં, સીએમજીઆઇ / આઈસી સદસ્યને કાર્યકાળ પૂરો થયા પહેલાં હટાવી શકાય છે જેમ કે, સ્વહિતનો સંઘર્ષ, જો સમિતિના સભ્ય કથિત સતામણી કરનાર અથવા ફરિયાદી વગેરે હોય તો. કાયદાની જોગવાઈઓ અનુસાર આવા સદસ્યની હકાલપટ્ટી પછી ખાલી પડેલ જગ્યાને ફરી ભરવાની જરૂર પડે છે.

**59. શું સીએમજીઆઇ / આઇસીને ફરિયાદ સુનાવણી માટે કોઈ કાર્યવાહી કરવાની જરૂર છે?**

હા. કાયદાએ એક પ્રક્રિયા નક્કી કરેલ છે. સીએમજીઆઇ / આઇસીને ફરિયાદની તપાસ દરમિયાન કુદરતી ન્યાયના સિદ્ધાંતોને અનુસરવાના હોય છે અને સમિતિને સાક્ષીઓને બોલાવવા અને દસ્તાવેજોની તરફેણ કરવા માટેની સિવિલ કોર્ટની સત્તાઓ મળેલ છે.

**60. શું નોકરીદાતાને વિદ્યાર્થીઓ / કર્મચારીઓમાં જાતીય સતામણી રોકવા વિશે જાગૃતિ લાવવાની જરૂર છે?**

હા.

**61. તાલીમ / કાર્યશાળા / પરિસંવાદ / જાગૃતિ કાર્યક્રમ દ્વારા કેવી રીતે મદદ કરી શકાય?**

- આ પ્રકારનાં સત્રો એ ખાતરી કરશે કે તમારા કર્મચારીઓ તેમના અધિકારો તેમજ જવાબદારીઓથી પરિચિત છે.
- તેનાથી એ પણ સ્પષ્ટ થશે કે તમે જાતીય સતામણીના બનાવોને રોકવા માટે ખરેખર પગલાં લીધાં છે.
- આવાં આયોજનોથી આઇસીની ફરિયાદોને ઉકેલવામાં વધુ સારી મદદ મળી રહે છે.
- તેનાથી સંસ્થામાં કર્મચારીઓમાં શ્રદ્ધા ઊભી થશે.
- તે લિંગ સંવેદનશીલ કાર્યસ્થળનું વાતાવરણ બનાવશે.
- વિરુદ્ધ લિંગ સાથે કામ કરવા માટે કર્મચારીઓને ભડકાવવામાં નહીં આવે પરંતુ તે પર્યાવરણમાં કામ કરવા માટે એકબીજાના સમાન હકોનો સંબંધ ધરાવતા તંદુરસ્ત વાતાવરણમાં કામ કરવાથી, હકારાત્મકતા અને કાર્ય ઉત્પાદકતા તરફ દોરી જશે.

**62. શું કૉલેજ / નોકરીદાતાઓ માટે જાતીય સતામણી સામે નીતિ હોવી ફરજિયાત છે?**

હા.

**63. કૉલેજ / રોજગારદાતા પોતાના વિદ્યાર્થીઓ / કર્મચારીઓને આ નીતિ વિશે કેવી રીતે જાણ કરી શકે?**

વિદ્યાર્થીઓ / કર્મચારીઓને નીચે પ્રમાણે જાણ કરી શકાય છે :

- ઇમેઇલ પર વિદ્યાર્થીઓ / કર્મચારીઓને નીતિનું પ્રસારણ કરે.
- તેને વેબસાઇટ અથવા ઇન્ટ્રા-નેટ પર પ્રકાશિત કરે.
- કાર્યસ્થળ પર જાહેર સ્થાનો પર પોસ્ટરો દર્શાવે.

પોસ્ટરો પ્રદર્શિત કરવાના વધારાના ફાયદા એ છે કે માત્ર કર્મચારીઓ જ નહી પરંતુ મુલાકાતીઓને નીતિ વિશે વાકેફ કરવામાં આવે. એનાથી મુલાકાતીઓ તરફથી અનિચ્છનીય વર્તનને અટકાવી શકાય છે.

**64. શું કૉલેજ / સંગઠનમાં પોસ્ટર પ્રદર્શિત કરવાં ફરજિયાત છે?**

હા. આ ઉપરાંત, પોસ્ટર્સ કર્મચારીઓ / વિદ્યાર્થીઓ તેમજ મુલાકાતીઓના મનમાં ખાસ કરીને દ્રશ્ય અસરને ધ્યાનમાં રાખીને જાગૃતિ લાવવાનો શ્રેષ્ઠ માર્ગ બની શકે છે. એનાથી સંસ્થા / કોલેજમાં વિશ્વાસ ફેલાવવાનો, જાતીય સતામણીના કિસ્સાઓ અટકાવવા અને સલામત કાર્યસ્થળ વાતાવરણ બનાવવાની લાંબી સફર નક્કી થઈ શકે છે. હકીકતમાં, પ્રાદેશિક

ભાષાઓમાં પોસ્ટરો તે પણ ખાતરી કરાવે છે કે આ સંદેશ બધા હિતધારકો સુધી પહોંચી જાય, જે ભાષામાં તેઓ સમજે-જાણે છે.

નોંધ : સીએમજીઆઇ એની ખાતરી રાખશે કે સીએમજીઆઇ દસ્તાવેજોના અંગ્રેજીમાંથી હિન્દી અથવા ગુજરાતી અનુવાદની પ્રક્રિયામાં કોઈપણ ખામીઓ અથવા અર્થફેર માટે કોઈ અવકાશ નથી. છતાં પણ, ત્રણ અલગ-અલગ ભાષાઓમાં સીએમજીઆઇ દસ્તાવેજોની સામગ્રી અથવા અર્થના આધારે ઊભી થતી સંભવિત વિસંગતતા / ગેરસમજ / અસંમતિના કિસ્સામાં અંતિમ નિર્ણય ભારત સરકાર દ્વારા પ્રકાશિત અધિનિયમ / માર્ગદર્શિકા / હેન્ડબુકની પ્રાદેશિક ભાષાની અનુકૃતિ અથવા સીએમજીઆઈ દસ્તાવેજોની અંગ્રેજી આવૃત્તિ પર આધારિત રહેશે. સીએમજીઆઇ સમિતિ તમારી પસંદગીની ભાષામાં સામગ્રી વિશે ચર્ચા, સ્પષ્ટતા અને શિક્ષિત કરવા માટે ઉપલબ્ધ રહેશે.

**આ દસ્તાવેજ સીએમજીઆઈ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. જો ઉપરોક્ત પ્રશ્નો તમને મદદરૂપ ન લાગતા હોય તો કૃપા કરીને chr-cmgi@iima.ac.in પર સીએમજીઆઇનો સંપર્ક કરો.**

**પ્રોફેસર પ્રોમિલા અગ્રવાલ**
**અધ્યક્ષ, સીએમજીઆઇ**